# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સેવાદળ

રાજીવ ગાંધી ભવન, ડૉ.હર્ડીકર ચોક, સંસ્કાર કેન્દ્ર માર્ગ, એલીસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬.

ઋત્વિક મકવાણા
મુખ્ય સંગઠક

**અખબારી યાદી** તા.૨૩-૧૦-૨૦૧૮

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સેવાદળના નવા વરાયેલ પ્રદેશ મુખ્ય સંગઠકશ્રી ઋત્વિક મકવાણા તા ૨૫-૧૦-૨૦૧૮, ગુરુવારના રોજ પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય ખાતે તેમનો કાર્યભાર બપોરે ૦૧.૦૦ કલાકે પૂર્વ પ્રદેશ કોંગ્રેસ સેવાદળના મુખ્ય સંગઠક, હાલમાં અખિલ ભારતીય કોંગ્રેસ સેવાદળના સેક્રેટરી તથા મહારાષ્ટ્ર રાજ્યના સેવાદળના પ્રભારી શ્રી મંગલસિંહ સોલંકી દ્વારા નવ નિયુક્ત પ્રદેશ કોંગ્રેસ સેવાદળના મુખ્ય સંગઠકને પ્રદેશ કોંગ્રેસ સેવાદળના વરિષ્ઠ આગેવાનો અને શહેર – જીલ્લાના તમામ પદાધિકારીની ઉપસ્થિતિમાં ચાર્જ સોપવામાં આવશે.

આ "પદગ્રહણ" કાર્યક્રમમાં અખિલ ભારતીય કોંગ્રેસ સેવાદળના મુખ્ય સંગઠક શ્રી લાલજીભાઈ દેસાઈ તેમજ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના યુવા પ્રમુખશ્રી અમીતભાઈ ચાવડા સવિશેષ ઉપસ્થિત રહેશે. અખિલ ભારતીય કોંગ્રેસ સેવાદળના સહ મંત્રી તેમજ ગુજરાત કોંગ્રેસ સેવાદળના મહિલા સંગઠક શ્રી મીનલબેન ગોહિલ તેમજ શ્રી કુંપાજી ઝાલા, શ્રી પ્રકાશ ભરતીયા તેમજ ગુજરાત કોંગ્રેસ સેવાદળના પ્રભારી અને અખિલ ભારતીય કોંગ્રેસ સેવાદળના સહ મંત્રીશ્રી સંગ્રામ તાવડે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

- - - - - - - - - - - - - - - - - - - - - - - -

**ઉપરોક્ત કાર્યક્રમના કવરેજ માટે આપશ્રીના પત્રકારશ્રી / ફોટોગ્રાફરશ્રી તથા ટી.વી. ટીમને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ સહ વિનંતી છે.**

મંગલસિંહ સોલંકી